# વરઘેલી વિંણા—(ભાગ ૨)



સન ૧૯૩૩.

સંવત ૧૯૮૯.

કીંમત એક આનો

આ ટાઈટલ 'મહેશ' પ્રીન્ટીંગ પ્રેસ, (ખેતવાડી, ગીરગામ રોડ, મુંબાઇ-૪) માં જશવંતલાલ છોટાલાલ દેસાઇએ છાપ્યું છે.

# વરઘેલી વિણા

યાને

# પ્રેમી કે પાગલ.

લેખક—શ્રીયુત કવિ

પટેલ જોઇતારામ ભગવાનદાસ,

મુ અનારા (આરશીદા)

પાસેથી સર્વ હક્ક ખરીદ કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર

**બુકસેલર જહુલાલ નારણદાસ,**

ઠે૦ જાદવ પુસ્તકાલય, મુ૦ નડીઆદ.

# વરઘેલી વીણા

યાને

## પ્રેમી કે પાગલ

## ભાગ — ૨

વિણા–હું, લ્યો સ્વીકારો ભેટ આ કહેતી ગઇ ખુરશી કને
કર્તા–ચચળ બનેલા ચીત્તથી કઇ ઘાટ ઘડતી છે મને
કપી ગયુ સર્વાંગને બોલી શકી તે તો નહિ
ખુરશી ગ્રહી કુન્દન તણી અવાક તે ઉભી રહી ૧
વિણા–મન સાથ કહેવા લાગી કે સુવર્ણ લાયક હૂ હવે
સુવર્ણને કુન્દન મહીં ના ભેદ કો કવીઓ કવે
કુન્દન મળ્યુ જો આપ મેળે તો વિણા શુ છોડશે
સસવ ખરેખર એ ખરો કુન્દન વિણા દીપ વશે ૨
શુ કરૂ ને શુ કહુ અતર થતી ગડ ભાજતે
કરૂ કેવી રીતે માગણી આવે અતિશે લાજને
કર્તા–વિણા તણી ઉમર વિશે આવી ઘડી પહેલી હતી
કરતાં બો સોદા પ્રેમના વિણા હજુ સીખી નંતી ૩
તેથી બીચારી તે વિણા વિચાર વમળે છે પડી
ઉત્તર મુખે દૈવ ચના ગભરાઇ પડી તે બાપડી

દેતી જવાબો કંઇ કંઇ પણ સ્પષ્ટ તે નવ આવતાં;
ચાળે ચઢેલા ચિત્તના વિચાર પળે પલટાઇ જતા ૪
નયને નિહાળ્યા સ્નેહથી નિજ નાથ કુન્દનલાલને
ઉર્મિ અનેરી કઇ સ્ફુરી નિરખી રહી ધરી વ્હાલને
ખણતી ભૂમી બાળા ખડી કઇ નાથ પાસે યાચતી
પ્રસ્વેદથી વસ્ત્રો ભીનાં ધરી વદનથી ચાલતી ૫
થરથર ગયા કંપી ચરણ મુખથી જરા બોલ પના
થઇ ચિત્રવત કાયા વિણા નયનો ઢળ્યા ધરણી સમા
વિવશ બનેલી જોઇ વિણા ને વદ્યા કુન્દન તહાં
કુન્દન—ગભરાવછો શાને સલુણી આજ આનંદ છે જહાં. ૬
વિણા—ન ના કંઈ મુજને થયું ના ના કંઇ દુખી થઇ
પણ ભેટનો મુજ ભેટનો કહી એટલું અટકી ગઇ
કુન્દન—અટકો નહિ બાળા તમે તો બે ફીકર બોલો નહિ
બોલી હૃદય ખાલી કરો મનથી કરો મુંજવણ નહિ ૭
વિણા—ના, ના નથી મુંજવણ મને પણ સ્હેજ એવું થાય છે
મુજ ભેટનો બદલો વળી રહી એમ અટકી જાય છે
કુન્દન—શું માગશો બદલા તરીકે તે મને કહેશો કઇ
વિણા—ના કહું પ્રથમથી જો વળી બંધાઓ મુજને વેણ દઇ ૮
કુન્દન—શી માગણી છે અટપટી બાંધો પ્રથમથી શો મને
હરકત પડે નહિ તો સ્વીકારૂં દઇશ જે મારી કને

વિણા—કહી ના શકુ હુ તે બધુ હરકત કદી આવી પડે
સુખો તજી દુઃખો મળે સહેજે બધા સહેવા પડે ૯
કષ્ટો સહન કરવા છતા સ્વીકારવા તૈયાર હો
હુ તોજ માગું આપ જો એ આપવા તૈયાર હો

કુન્દન૦—માગો ભલે મરી કને હ્યો હ્યો વચન આપુ અરે
તમ માગણી સ્વીકારશુ છે. શીર સાટે તે ખરે ૧૦

વિણા—સાણા સલુણા સાભળો કરૂ વાત પહેલી સાટની
કદી ના પળયે જો વચન તો વાત અહીએ દાટવી
જાણે નહિ મારા તમારા વિણ કોઇ વાતને
જો જાણશે ત્રીજુ કદી થાશે જરૂર મુજ ઘાતને ૧૧

કુન્દન—સલુણી તજો ફીકર અરે તેની અહી એકાત છે
મેળાપ સમજી આપનો થયો જો પવન ઘડી શાત છે
સુસવાટ સરીતાના ધીમા પખી જુવો પણ શાત છે
બોલો સુખે હુ તમ તણી વચેજ કુમળા કાત છે ૧૨

વિણા—ત્યારે સલુણા સાંભળો સુવર્ણ લાયક હુ બની
એવુ તમે પોતે કહ્યું છે પાત્ર મુજને જો ગણી
વળી છે નહિ કુન્દન સુવર્ણે ભેદતો અણુ માત્રનો
કુન્દન તણી લાયક ગણી વિચાર કરીને પાત્રનો ૧૩
વ્હાલા ગયા બંધાઇ બોલ્યા માહી આપે આપજો
કુન્દન તમે મારા થયા તેથી હવે શીર તાપજો

વિણા બને એ આપની દાસી ભવો ભવ માગણી !*
જો માગણી મંજુર ના તો હુ મરૂ અભાગણી ૧૪

રાખો સલુણા જેમ રવીથી છે પ્રભા નહિ વેગળી
વળી ચંદ્રથી નથી દુર ચંદ્રીકા અરે એવી ગણી
કીકી જુદી નહિ નેત્રથી છાયા નહિ કાયા થકી
છે એમ કુન્દનથી વિણા જુદી થવની ન' વકી ૧૫

કુન્દન—શાબાશ, વ્હાલી માગણી પર સો વખત આમીન છે
નડશે ફક્ત ત્યાં એટલુ તમ દેહ પર આધીન છે
માતા પીતા તમ જાણશે આ વાત કેવી ધારશે
મઢવા વિણા કુન્દન વિષે આ દેહ તો તૈયાર છે ૧૬

વિણા—એ માનશે, એ માનશે એ તો બધુ સ્વીકારશે
તમ સમ જમાઇ મેળવી નીજ ભાગ્યશાળી માનશે
સમભાર નાણા આપતા મળવા વરો મુશ્કેલ છે
તેવા વિકટ વખતે વળી તમ સમ જમાઇ સ્હેલ છે ૧૭

પૂર્વે મળ્યા આણુંદમા ગાડી વિષે પહેલા તમો
મે ત્યારથી વ્હાલા ગણ્યા આ દેહના માલીક તમો
મુજ માતને વળી તાત તો વિચાર એવો આદરે
માગુ તમો સ્વીકારશો તો લગ્ન મુજ તમથી કરે ૧૮

કુન્દન—આવુ વદી બાળા તમે મુને ઉડાવો ના હવે
તમ કર કહી તે પામશે સુકૃત કર્યાં જે પરભવે

વિણા–મુજ કરતણા મલીક જગમા તમવિના સરજ્યો નથી
કુન્દન–જો હોય સચુ વેણુ તો ભાગ્યશાળી હુ અતિ ૧૯
વિણા–મુજ માત પીતા માનશે ખાત્રી ખરી એવી મને
સ્વીકારશો જો આપ તો મુજ લગ્ન બીજે ના બને
માતા પીતા તમ માનશે સંશય મુને છે ખરો
શ્રી ઈશ અનુકુળ થાય તો આ સ્નેહ ટકશે આપણો ૨૦
કુન્દન–વ્હાલી વિણા આ સાંભળો નિર્માલ્ય ભારત છે થયો
આર્યોતણા સંસારમાં કયાથી સડો પેદા થયો
કજીઆ અને કંકાશના મુળો અરે શાથી ફુટયા
ધનવાન ધરતી આપણી ધન ધાન્ય તે શાથી ખુટયા ૨૧
મનવતણી જીંદગી મહી ના લગ્ન સમ કો કર્મ છે
વ્યવહારમા વસતા સહુને એજ એકજ ધર્મ છે
ભવ પૂર્ણ રીતે પાર કરવા લગ્ન કરણ ભુત છે
અધીકારી કરવા સ્વર્ગ નરકે નગ્ન કારણ ભુત છે ૨૨
એવા અનેરા લગ્ન કરમે ચક્ષુ આર્યોએ મીચ્યા
દરકાર વિણ લગ્નો કરીને દુઃખવારી છે સીચ્યા
લગ્નો વિષે કુરીતીઓં દાખલ થતી અવી એતી
પરીણામની દરકાર તો કોઈ હવે કરતું નથી ૨૩
ખટમાસના શીશુતણાં લગ્નો કરી મનમાનતા
એ દંપતી વ્યવહાર કેવો ચલશે મોટાં થતાં

કન્યાતણો વિક્રય કરી સમભાર નાણા કંઇ હરે
વળી કો કરે પાપી પીતાઓ વરતણો વિક્રય અરે ૨૪

માતાપીતા કો નાતમા માગુ કરી પરણાવતા
વળી કોઇના માગા અરે કુળગોર કરીને આવતા
માતાપીતા કુળગોર સૌ નીજસ્વાર્થમા ફરતા ફરે
દરકારના નીજ પુત્રપુત્રીના સુખોની કો કરે ૨૫

ઇચ્છીત વર જો વરે કો ગુનો ભયકર ગણ્યો
તેથી અરે આર્યોતણો સસાર દુખમય છે બન્યો
માટે સલુણી સાંભળો એ રૂઢીનો નહી દાસ હુ
મુજ લગ્નમા માતાપીતાની લઉં ન આજ્ઞા ખાસ હુ ૨૬

મુજ માતપીતાની મતી કાળી થઈ મારા વિષે
મુજ લગ્નમા ઓકાવવા પૈસા પુરાની તે દીસે
ખર્ચ્યાજ પદરસો અરે હાથે કરીને બેનના
તે વ્યાજ સાથે વાળવાના છે વિચારો તેમના ૨૭

મુજ જાતના ઉપજે વધુ તેથી મને ભણાવીઓ
માગા ઘણા હા, ના કરી મોટો મને થાવા દીધો
એવુ કહે માતાપીતા સ્વાર્થી થઇ મુજને અરે
જોયુ વલણુ એ જાતનુ તેથી જીગર મારૂ બળે ૨૮

ખરી ખાત્રી એવી છે મને માતાપીતા સ્વાર્થાંધ થઇ
તે કોયલો કુન્દન મઢે કુભારવાડે તો જઇ

જર લોભી થઇ આ જીંદગી માતાપીતા મારી અરે
બરબાદ કરી રાજી થતા અંગાર સંસારે ધરે ૨૯

તે વાતમા માતાપીતાની તેથી હુ વિરૂધ્ધ છુ
મુજ લગ્નમા મારી ફરજ ના કોઇનો હુ બદ્ધ છુ
ખોટુ ખરૂ હુ જે કરૂ હુ ભોગવુ તે તો સહી
નહી આવશે માતાપીતા દરકાર તેની છે નહી ૩૦

માટે મધુરી માનુની તમ સ્નેહથી સ્વીકારૂ છુ
કરી પકડી તે આ પ્રતિજ્ઞા પ્રાણ પડે પણ પાળું હું
બીજી બધી જગની સખી વિણા વરો હુ આપને
તમથી અવર જો હું વરૂં તે બ્રહ્મહત્યા પાપ છે ૩૧

વિણા—તો દેહ આ સોપી તમોને તમથકી આધીન છુ
મારા તમે છો આતમા તમ આત્મમાહે લીન છુ
ખોળે તમારે શીર આ ઝુકયુ નહી ઉંચુ થશે
થાએ જતન કે સો પડે જુદુ તથાપી ન છુટશે ૩૨

કર્તા—વદી આટલુ વંદન કરી વિણાએ કુન્દનલાલને
કર સાથ આપી કર વળી સ્નેહે જગાવ્યુ વ્હાલને
કર સ્પર્શતાં ભાવો ઉંડા તે છે અનેરા ઉદ્દભવ્યા
પરસ્વેદ બીંદુ બાઝીઆ વદતા અધર અટકી ગયા ૩૩

નીચી નજર કરીને ઉભી વિણા અરે લજ્જાભરી
કુન્દન ગયા સમજી બધુ પુછયુ અરે યુકિત કરી

કુન્દન—કંપી રહ્યું તન આ તમારૂં તે વિણા કહો શું થયું
પરસ્વેદ બીંદુ બે વછુટયાં તે વિણા કહો શું થયું ૩૪
ફરકી રહ્યો ફરફર પવન શીતળ અહા નર્મદતણો
મુઝવણ મટેના તેથી તો પરિધાન આ પુષ્પો કરો
તેથી બીજો ઉપચાર છે ગુલાબ જળનો તે કરો
આપું દવા જવર જો ચઢયો હોયે અરે એ કારમો ૩૫

વિણા—શીતળ પવનના સુસવાટ તીર સમ ભોંકાય છે
પાવકસમા પુષ્પો પ્રજાળે દેહ આ સેકાય છે
ગુલાબજળથી જેમ ઘી આગ્નીમહીં હોમાય છે
આપો દવા જ્વર છે ચઢયો કંઇકંઇ ચીતે થઇ જાય છે ૩૬

કુન્દન—હા, હા, દવા આપું હવે એ રોગ મે તો છે કળયો
નાડી પરીક્ષા મે કરી ઉપાય મુજને છે મળ્યો
ચઢયો કામજ્વર છે આપને પળમા હરૂં હું પ્રેમથી
ગભરાવ ના વિણા અરે આધા જરા આવો અહીં ૩૭

કર્તા—કહી એમને કર ખેંચીઓ ધીમે રહી નીજની ભણી
મદમત્ત ગતિ છે થઇ ગતી ઘડી એકમાં વિણાતણી
કર પૃષ્ટ વિણાના ચૂમ્યા કુન્દન અરે ત્રણવાર તો
ભરી બાથને ગાલે ઘણા ચુંબન કર્યાં કંઇ પ્યારના ૩૭

હા, ઇન્દ્રના આવાશમાં હોયે નહીં આનંદ આ
રતિકામના આ લય વિષે જામ્યો હશે નહીં રંગ આ

લ્હાવો આવો શું લીધો વૃજ કૃષ્ણરાધાએ રમી
તે આજ વિણા કુન્દનને લ્હાવો લીધો રંગે રમી ૩૯

રે હાય ! પણ આનદ ઘટીકા એ ઘણી લાંબી નંતી
અતિદ્વેષથી વિધીએ લખી વિયોગ દુ:ખ લીટી હતી
ત્યાં એટલમાં બારણું નીચે થકી કો ઠોકીયુ
ઝબકી વિણા જાગ્રત થઇ સ્વપ્નુ ઉડી જાણે ગયું ૪૦

ચુંમક થકી લોઢુ પડે જુદુ અરે મહા મહેનતે
વેલી વછુટે વૃક્ષથી મહા મહેનતે એવી રીતે
એવી રીતે વછુટી વિણા કુન્દનતણા કંઠે થકી
ભરવાનુ લઇ નીજ હાથમા નીચે ગઇ મહા કષ્ટથી ૪૧

નીચે જઇ જોયુ અરે તો કૃષ્ણલાલજ આવીઆ
મહેમાનની મહેમાની કરવા આજ વહેલા આવીઆ
પરભાર્યો કુન્દનલાલની ગયા પાસ કૃષ્ણલાલ તો
નયનો મળ્યા હૃદયો મળ્યા આવ્યો ઉમળકો વ્હાલનો ૪૨

કૃષ્ણ—જુવો આજ કુન્દનલાલ આ સરીતાતણો દેખાવશો
આહ્‌લાદ આપે અવનવો જોઇ તમે સુખીઆ થશો

કુન્દન—ખરેખર તમારૂ ઘર ખરૂ રમણીય શોભા પુર છે
શોભા ભરી સ્વર્ગીય સઘળી સ્વર્ગના પણ દુર છે ૪૩

ચીત્રો જુવો આ અવનવા શા ગોઠવ્યાં યુક્તિ કરી
આ ભર્તની નાયુક ચીજો મન હર્યું મારૂ રહી ફરી

દેખાય છે વળી અહીં થકી સુંદર નદી દેખવ તો
તેથી બન્યો આ ઓરડો છે ઇંદ્રભુવન સાવ તો ૪૪

કૃષ્ણ-આતો વિણાનું વાચનાલય છે તમે જાણ્યું હશે
શણગાર વિણાએ સજાવ્યો આપ આવ્યા નીમશે
આ ચીત્ર પણ હાથે વિણાએ સ્હેજ તે ચીતર્યા હતા
આ ભર્તના કામો વધા નીજ કરથકી ભરીઆ હતા ૪૫

કર્તા-ફરી કેટલાં વિણા વખાણ્યા કૃષ્ણલાલે પુછીયું
કૃષ્ણ-તમ લગ્ન કુન્દનલાલ આ વર્ષે થશે કે છે થયું
કુન્દન-મુજ લગ્ન હજુના છે થયુ કરવા હજુ વિચાર છે
લાયક મળે કન્યા કદી તો ના જરીએ વાર છે ૪૬

કૃષ્ણ-કોઇ આપણી જ્ઞાતિ વિષે કન્યા નહિ લાયક જુવે
જર લોભથી પુત્રોતણી ઉમર બધી એળે ખુવે
એ રીત પણ માતાપીતા તમ જોઇ જાણી આદરે
ત્યાં ચાલતુ ના કોઇનું લાયક મળે પણ શું કરે ૪૭

કુન્દન-ના ધારશો, ના ધારશો, એવુ કદી ના ધારશો
મુજ ભાવીનો પ્રોગ્રામ હુ પોતે ઘડીશ એ માનજો
મુજ માટ કન્યા ખોળવનુ મે અરે માથે લીધુ
એમા નહી માતાપીતાનુ ચાલશે કાઇ કીધુ ૪૮

કૃષ્ણ-કન્યા તમો લાયક હજુ ક્યાયે મળી છે કે નહી
કુન્દન-હા, હા બધુ ખોળી વળ્યો પણ ભાળ મળી મુને અહીં

જો હોય તમ પુરી મદદ તો કામ મારૂં તે બને
તમવિણુ કોઇ ઓળખે ના રે અરે અહીંઆ મને ૪૯

કૃષ્ણુ–ઘણી છે ખુંસીની વાતએ તમને મદદ મારી મળે
હું ભાગ્યશાળી તો ખરો આ દેહ સેવા કંઈ કરે
તમ હિતમા આ દેહ પણુ હું આપવા તૈયાર છુ
જે માગશો તે આપવા બનતી મદદ તૈયાર છુ ૫૦

કુન્દન—હિંમત ધરી કુન્દનતહાં પણુ પણુ-કહી અટકી ગયાં
કેર્તા–લજ્જા છવાઇ રે વદન ભયભીત ચ્હેરે તે થયા

કૃષ્ણુ–કહી દો, કહી દો એમ અધીરા કૃષ્ણુલાલ થયા કહી
અચકાઓ ના કુન્દન તમે ખોટુ મને લાગે નહી ૫૧

કુન્દન–તો સાભળો મમ વિનતી અંતર તમે ધારી જરી
જણુાય છે જોતા અરે તમ પુત્રી મુજ લાયક ખરી
સંસારમાંહી શોભશે અમ જોડ ખોટ વિના જરી
સુખે સુખી દુખે દુખી થઇને ભજીશું શ્રીહરી ૫૨

કૃષ્ણુ–અહો આજ કુન્દનલાલ એ ખુશી થવાની વાતછે
છે સંમતિ મારી પુરી વળી શ્રેષ્ટ તમતણી જાતછે.
માતાપીતા તમ માનશે એ પુછીયુ છે કે નહી
મુજ શકિતના પ્રમાણુમા પહેરામણી મળશે અહીં ૫૩

કુન્દન–ના, ના પડી પહેરામણીની રે મને પરવા જરી
દરકારના પૈસાતણી પણ્ણુ અનુકુળ સહચરી

તૈયાર હો જો આપવા વિણુ તમો મુજને અરે
ના, ના પિતાને પુછવુ સંકલ્પ એવો છે ખરે ૫૪

સંસાર મારે માંડવો તેથી બધુ જોવુ બીજુ
અવિચાર કે અજ્ઞાન નહી નાનો નહિ હુ તો હજુ
મુજ જન્મ સહચરી ખોળવી તે તો ફરજ મારી સહી
મુજ નાવડુ અધવચ ડુબે ત્યા આવશે કોઇ નહી ૫૫

માતાપીતા નીજ સ્વાર્થમા થઇ આંધળા ડુત્રી મરે
દરકાર ના મારી કરી ઓડુ અડાવી દે અરે
જ્યા જ્યા જુઓ એવી થઇ ત્યા સાર ભયંકર આવીઓ
એ કારણે અધીકારતો હાથે કરી ગુમાવીઓ ૫૬

કૃષ્ણ—ગાંડા અને ઘેલા ભલે પણ જન્મ દાતા તે હતા
માતા પીતાની આગના લેવી પડે તોયે છતા
પુછી અરે પેરે જુવો સૌ સારા વાના થઇ જશે
ઉદ્ધતાઇ એવી જો કરો કુપુત્રમા ગણુતી થશે ૫૭

આર્યોતણા પરી ચાલમા માતાપીતા નીજ બાળના
વિદ્યા અને વિવાહના કરમો કરે વ્યવહારના
મોટા કરી ભણાવીઆતો આમ અવગા ચાલીઆ
અપવાદ એ દુનીઅંતણુ તેથી પુછો જઇ વાત આ ૫૮

કુન્દન—તેની ફીકર ના રાખશો અહીથી જઇ પુછી લઉં
માન્યુ કહ્યુ છે આજસુધી જે અરે મેં તો કહ્યુ

શું આજ આડે આવશે એ સો વસા બનશે નહિ
ગણે અરે તુટયા સુધી તે છેક એવા છે નહિ ૫૯
ચીતા તજો એવી બધી હુ બોલથી બંધાઉ છુ
એ સમતિ પણ મેળવુ બંધન તમારો થાઉ છુ
બધાઓ એવી રીતથી વળી આપ આજે આ ઘડી
કહી કાઢશે ઘરથી મને રમશુ બધી દુનીયા પડી ૬૦

કૃષ્ણ૦—જો હોય હિમત આપની તો તો વળી શું પુછવું
ઉચાટ અતરના તજી મારે રહુ ખુશી થવુ
વળી લોભ મારે તો રહ્યો તેથી જ હા હુ તો ગયો
તૈયાર હો જો આપ મેળે ના કહી હું ના કહુ ૬૧
ઘેર આગણે ગગા પધારે પણ પ્રમોદે ધોરતા
તીલક કરે લક્ષ્મી કહી કપાળ ધોવા કઇ જતા
એવો ન હુ છુ મૂરખો મુજ દાવ આવ્યો ના ચુકુ
તમ સમ જમાઇ જો મળ્યા ઘેર આગણે તો શુ મુકુ ૬૨
આજે ઘડી આનદની છે મારા મનથી હુ ગણુ
સસરો જમાઇ આપણે હુ આજથી એવું ગણું
ધારી ધીરજ બેસી રહ્યા તેનો મળ્યો બદલો મને
પુરી પ્રભુની છે કૃપા માગ્યા વિનો વર ક્યા મળે ૬૩

કર્તા—અણ ચીતવ્યુ દુઃખ જો ટળ્યુ સૌનું અરે તેથી થયો
આનદ છાયા દીસતી કઇ કલેશ દૂર સૌનો થયો

ચીંતા તણી જવાળા લલીતાની હવે ઠંડી થઈ
વળી એમ કૃષ્ણલાલની નીંદ્રા થતી બધજ થઈ ૬૪
વિણા તણા ઝીણા વિચારો આજ વધિ પામીયા
ઇચ્છીત વરને મેળવ્યો હર્ષાશ્રુ નયને આવીયા
કુન્દન તણા કંઇ કાળજામા આજ ઠંઠક છે વળી
વિણા સખી વધુને વરી જીવન દીધુ રસથી ભરી ૬૫
હા, આજ કુન્દનલાલની સ્થીતી ઘણી ગંભીર છે
આશા નિરાશાના ઘણા વિચાર કરતો વીર છે
ક્યારે જઇ ઘર આગળે મતાપીત પુછી લઉ
નક્કી કર્યું, વિચાર કરીને આજ સાજે હુ જઉ ૬૬
કુન્દન–કૃષ્ણલાલની માગી રજા કુન્દન કહે સાજે જવુ
હું આજ અમદાવદ જઈને પત્ર પુછી પઠવુ
હા, ના, કહે મારા પીતા તો આહી પાછા આવવુ
નિશ્ચય કર્યો તે નહિ ફરે બોલ્યુ વચન તો પળવુ ૬૭
કર્તા–થઇ સાજ કે કુન્દન ઘરે જવા થયો તૈયાર ત્યા
લલીતા વિણા સ્ટેશન સુધી સૌ સાથ મૂકવાને ગયા
તૈયાર ગાડી ત્યાં હતી કુન્દન જઇ બેઠા તહા
નયનો મળ્યાં કુન્દન વિણાના પ્રેમ ઘેલા ત્યા જહા ૬૮
દૃષ્ટિ હજુ મળતી હતી અંતર અધીકુ છે છતા
આઘાત અંતરમા થયો ગાડી જહા ઉપડી જતા
વિવશ બની ત્યાથી વિણા બે બાવળી પાછી વળી

આવી રહી નીજ ઓરડે બાળા વિયોગે છે બળી ૬૯
કુન્દન અરે, કુન્દન અરે, કહેતી વિણા ધરણી ઢળી
કંઈ કાળ એમજ વિતીઓ શુધ્ધી થણી વારે મળી
ઉઠી લઈ બેઠી વિણા વગાડતી મન વળીવા
ગાતી વિરહ સગીત તે નિદ્રીત લાગી છે થવા ૭૦
વિણાતણા વાજીત્રમાં વિણા થઇ ગુલતાનરે
આવી લહી તદ્ર મહી નીજ નાથનુ દર્શન કરે
એક હાથમા વીણા હતી તકીએ અઢેલી તે સુતી
આક્રંદ કરતી તે ઉધીને સ્વપ્ન આવ્યુ ત્યાસુધી ૭૧
કુન્દન ગયા જાણી અરે પરિહાસ કરવા ત્યા મળી
વેષ્ટીત થઇ સખી વૃદથી વિણા રહી નીજ નીરખી
માઝા તજી સૌ એ વિણાને સ્નેહથી બનાવતી
દાઝયા ઉપર દઇ ડામને બળતા ઉપર ઘી હોમતી ૭૨
ઘડીએ ઘડી કુન્દનતણી ઘટમાળ ઘટમા રહી ફરી
એ પ્રેમના આકર્ષણે આશાતણી ઉર્મી સ્ફુરી
સુદર સરીતામા તણાતી આવતી હોડી દીઠી
લગર થયુ તીરે મહીથી આવતી વ્યક્તિ દીઠી ૭૩
પગલાં ધીમા ભરતી અરે એ મુર્તિ અવી પાસ જ્યાં
તે ઓળખ્યા એ નાથ છે કુન્દન ખરેખર ખાસ ત્યા
ચેતાવી છે સખીઓ બધી તેથીજ તે સતાઇ ગઈ
તે નાથનુ કરવા ભલુ સ્વાગત વિણા સામી ગઇ ૭૪

વંદન કરી અતિ સ્નેહથી કર ઝાલી લાવી તાણીને
પલંગ પર પધરાવીને કર જોડી સામી ઉભી તે
કહો નાથ કયાથી આવીઆ પછી ફરી શી રીતથી
ત્યારે વદયા, પ્યારી બધુએ જાણજે તુજ પ્રીતથી ૭૫
કુન્દન તણા નયનો વિષે ભરીઓ મદન ભરપુર છે
છે દાવ આ એકાંતનો અહિંથી સહુ કો દુર છે
ઉઠી જહા વિણા ઉભી તેને ભરી જઇ બાથને
નાખી પલંગે તે પછી સુતો લઇને સાથ તે ૭૬
સંતાઇ જે સખીઓ રહી ખડખડ હસી તે જોઇને
શરમાઇ કુન્દન સંચર્યો ના જાણ પડી તે કોઇને
ઓ નાથ કરતી સાથ ગઇ દોડી વિણા બે બાકળી
જાગી ગઇ કશું ના દીઠુ પણ છે વિણા ટુટી ખરી ૭૭
પ્રીય પાઠકો ! આરામ લ્યો આજે કથા આ સ્ટોપ છે
કરશુ અધુરી પુરી ત્રીજા ભાગમા નવી નોંક જે
કહે દાસ જોઇતારામ જે તે ભાગ ત્રીજો લાવશે
શૃંગારને અતિ હાસ્યના હોજે ભરાઇ આવશે ૭૮
આ રસીક નવલ કથા ચાર ભાગમા સંપૂર્ણ થશે

---

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી શ્રી પ્રેસમા
રતીલાલ બાળકૃષ્ણ ત્રીવેદીએ છાપી અને નડીયાદમા આવેલા
જાદવ પુસ્તકાલયના માલીક બુકસેલર જદુલાલ નારણદાસે
સ્વામીનારાયણના મંદીર આગળથી પ્રસીદ્ધ કરી

# તૈયાર છે * ખરીદ કં

સોળ વરસની સતિ ભાગ ૧ થી ૬ કીંમત રૂ. ૦-૪-૬



ભાગ ૭ મો

બાપ કે સાપ ભાગ ૧ થી ૩.

કીમત રૂ. ૦-૩-૦